| | | | | |
|---|---|---|---|---|
| | અરજી દાખલ થયા તા. | ૦૯ . ૦૩ .૨૦૨૬ | | |
| | અરજી રજીસ્ટરે નોંધ્યા તા. | ૦૯ . ૦૩ .૨૦૨૬ | | |
| | અરજી ફેસલ કર્યા તા. | ૧૨ . ૦૩ .૨૦૨૬ | | |
| | સમયગાળો | દિ. | મા. | વર્ષ |
| | | | | |

**ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૧૮૨ /૨૦૨૬**
**આંકઃ**

## જુનાગઢના સેશન્સ જજશ્રીની કોર્ટમાં.મુ. જુનાગઢ .

**અરજદાર:-**

સુલતાન કાસમભાઇ કટારીયા
ઉ.વ.૨૫, ધંધો-મજુરી,
રહે. કુંભારવાડા, સુખનાથ ચોક,
તા.જી. જુનાગઢ
હાલ. જિલ્લા જેલ, જુનાગઢ.

**૦ વિરૂધ્ધ ૦**

**સામાવાળા :-ધી સ્ટેટ ઓફ ગુજરાત**

| | | |
|---|---|---|
| **અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી** | : | **બી.કે.સાંધ** |
| **સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી.** | : | **ડી.સી.ઠાકર** |

**વિષય : -** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ મુજબ જામીન અરજી.

## // ઠરાવ //

**(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :-**

**૧.૧)** આ કામમાં જે એફ.આઇ.આર. રજુ છે તેમાં કોલમ નં.૧૨ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે

'' તે એવી રીતે કે, આ કામના ફરીયાદી તેની ઓટો રીક્ષામાં પેટ્રોલ પંપે ડીઝલ ભરાવવા ગયેલ અને ફરીયાદી તેની ઓટો રીક્ષા રીવેસમાં પાછળ લેતા ફરીયાદી તેની રીક્ષા પાછળ નવાઝ ઉર્ફે બમ્પ પઠાણ રહે. કુંભારવાડા તથા તેની

સાથે સુલતાન કટારીયા એકટીવા કાળા કલરની લઈને ઉભેલ હોય અને ફરીયાદી તેની રીક્ષા તેમની એકટીવાને ભટકાવેલ ન હોય આ છતા પણ નવાઝ ઉર્ફે બમ્પ પઠાણે કહેલ કે દેખાતુ નથી તેમ કહી ભુંડી ગાળો આપી પ્લાસ્ટીકના પાઈપ વડે નવાઝ ઉર્ફે બમ્પ તથા સુલતાને ફરીયાદીને માર મારી તથા નવાઝ ઉર્ફે બમ્પે એકટીવા માંથી છરી કાઢી ફરીયાદીને એક ઘા ડાબા પગમાં મારી ઈજા કરી તથા એક ઘા માથાના ભાગે મારી ગંભીર ઈજા કરી નવાઝ ઉર્ફે બમ્પે જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી જીલ્લા મેજી.સા.ના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા બાબત.’’

**૧.૨)** ઉપરોકત હકીકત બાબતે જુનાગઢ 'બી' ડીવીઝન પો.સ્ટે. ગુના રજી. નં.૧૧૨૦૩૦૨૪૨૬૦૦૧૯/૨૬ થી બી.એન.એસ. ની કલમ–૧૧૮(૨), ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર થયેલ છે અને આરોપી તે ગુના સંદર્ભે જયુડીશ્યલ કસ્ટડીમાં હોવાથી હાલની જામીન અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૩ મુજબની કરવામાં આવેલ છે.

**(૨) જામીન અરજીની હકીકત :**

આરોપી તર્ફે જામીન અરજીમાં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''**૨.૧** અમારા પર ખોટી આક્ષેપ મુકવામા આવેલ છે. અમોએ કોઈ ગુન્હો કરેલ નથી. અમો કુટુંબ કબીલા વાળા વ્યકિત છીએ અને મજુરી કરીને પરીવારનું લાલન પાલન કરીએ છીએ. ઘરમા કમાવનાર અન્ય કોઈ વ્યકિત નથી. નાની ઉમરના છીએ. જો અમોને વધુ સમય જ્યુડી. કસ્ટડી મા રાખવામાં આવે તો અમારું તથા અમારા પરીવારનું ભવિષ્ય અંધકારમય બની જશે. અમો પર હાલની ફરીયાદમાં ખોટી રીતે અટક કરેલ છે. અમોને સિધો કે આડકતરી રીતે ફરીયાદી સાથે કોઈ દુશ્મની કે વેરભાવ નથી. આ ગુન્હા સબંધે અમોને ખોટી અટક કરેલ છે. ફરીયાદી હાલ સારવાર પરથી ડિસ્ચાર્જ થયેલા છે.

**૨.૨** હાલના કામે તપાસ કરનાર અધિકારીશ્રીએ નામદાર કોર્ટમાં અટક કરીને રજુ કરી આપેલ છે અને હાલ અમોને માત્ર કસ્ટડીમાં રાખવાથી કે પ્રિટ્રાયલ પનીશમેન્ટ આપવાથી અમારી જીંદગી બગડી જશે. અમો તપાસના કામે પોલીસ અધિકારીને સાથે સહકાર આપીશું. આપ નામદાર સાહેબ જામીન અરજીને લગત જે હુકમ કરશો કે જે શરતો રાખશો તે તમામ શરતોનુ અમો પાલન કરશુ અને કોઈપણ સાક્ષી સાહેદોને ફોડવાનો પ્રયત્ન કરશું નહે કે હેમ્પર કે ટેમ્પર કરશુ નહીં.

(૧) અમો અરજદારને હાલ ના કામમા તપાસ કરનાર અધીકારીએ ખોટી રીતે અટક કરેલ છે.

(૨) અમોએ કોઈ ગુન્હો કરેલ નથી અને કુટુંબ કબીલાવાળા મજુર વર્ગના વ્યકિત છીએ અને મજુરી કામ કરીને અમારા પરીવારનુ લાલન પાલન કરીએ છીએ.

(૩) આપ નામદાર સાહેબશ્રી જો અમોના જામીન આપશો તો અમો તમામ શરતોનુ પાલન કરવા રાજીખુશી છીએ.

(૪) અમો કોઇ પણ સાહેદ કે સાક્ષી ને હેમ્પર કે ટેમ્પર કરશુ નહીં અને અમો કોઈપણ સાક્ષી–કે સાહેદો ને લોભ–લાલચ કે પ્રલોભન આપશુ નહી.

(૫) સદર ગુન્હાના કામે અરજદારનુ ઇન્વોલ્મેન્ટ નથી.

(૬) અરજદાર સ્થાનિક નિવાસી છે, ક્યાય નાશી ભાગી જાય તેમ નથી.

(૭) અમો કોઇ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી.

(૮) હાલના કામે તપાક રનારઅધિકારીશ્રીએ આ કામનું ચાર્જશીઠ નામદાર કોર્ટમાં રજુ કરી આપેલ છેઅ ને તપાસ પુર્ણ થયેલ છે જે ફોજદારી કેસ નં. ૮૪૯/૨૦૨૬ થી પેન્ડીંગ છે જેની મુ. તા. ૧૬–૦૩–૨૦૨૬ છે.

(૯) હાલમના કામના અરજદાર તા. ૧૬–૦૧–૨૬ થી જયુડી. કસ્ટડીમાં છે અને વધુ સમક સ્ટડીમાં રાખવાથી તેઓના ીનર્દોષ પરીવારને સજા ભોગવવી વેઠવી પડે તેમ છે, મજુર વર્ગના છે જેથી જામીન મંજુર કરવા વિનંતી છે.

નામદાર સુપ્રિમ કોર્ટ ના સંજયચન્દ્રા વિરૂધ્ધ સી.બી.આઇ. ના ૨૦૧૨(૧) એસ.સી.સી. ૪૦ તથા નામદાર સુપ્રિમ કોર્ટ ના સત્યેન્દ્રકુમાર અંતીલ વિરૂધ્ધ સી.બી.આઇ.ના સ્પે.લીવ પીટીશન નં–૫૧૯૧/૨૦૨૧ ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપીની વ્યકિતગત સ્વતંત્રતા તથા સામાજીક ગતિનું પલ્લુ ધ્યાને લેવામા આવે તો આરોપીની વ્યકિતગત સ્વતંત્રતાનુ પલ્લુ નમતુ જણાય છે તેમજ અરજદારને પ્રિ–ટ્રાયલ કન્વીકશન ન કરતા આરોપીની હાજરી સીક્યોર થાય તેવી શરત સાથે જામીન ઉપર મુક્ત કરવાના સિધ્ધાંત ના આધારે જામીન પર મુક્ત કરવા જોઈએ. અરજદાર નામ અદાલત જે શરતો કહે અને હાજરી સીક્યોર થાય તેવી શરતોના જામીન આપવા રાજીખુશી છીએ જેથી બેલ, નહીં કે જેલના સિધ્ધાંતો અનુસાર આરોપીને જામીન આપવા નમ્ર અરજ છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટના ઘણીખરી રેગ્યુલર જામીન અરજીના કિસ્સામાં સજાની જોગવાઈ, દંડના કાયદામાં કડક જોગવાઈઓ અથવા ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લીધા વિના, જેલમાંથી મુક્તિ મેળવવાની કાયદેસરતાને વારંવાર માન્યતા

આપી છે, તેને અલગ રીતે કહીએ તો, કોઈપણ આરોપીને ટ્રાયલ પેન્ડીંગ હોય ત્યાં સુધી અનંત અટકાયતને આધીન કરી શકાય નહીં. ખાસ કરીને જયારે કાયદો તેને દોષીત સાબીત ન કરે ત્યાં સુધી આરોપી નિર્દોષ છે. જેથી વૈધાનિક જોગવાઇઓને આધારે સ્પષ્ટપણે જામીન આપવા જોઇએ.''

**(૩) ત.ક.અમલદારનું સોગંદનામુ :–** તપાસ કરનાર અમલદારે આંક–૫થી સોગંદનામુ રજુ કરેલ છે તેમાં પેરા–૩૬ વિશેષ વિગતમાં બનાવ કઇ રીતે બન્યો વગેરેની વિગત રજુ કરેલી છે અને તે નીચે મુજબ છે.

''**૩.૧** આ કામના ફરીયાદીએ પોતાની રીક્ષા પાછળ (રીવર્સ) મા લેતા આ કામના અરજદાર/આરોપીઓના એકટીવા મોટર સાયકલ પાછળના ભાગે મો.સા. ઉભુ રાખેલ હોય જે નજીવી બાબતે બોલાચાલી કરી જાહેર મા ભુંડી ગાળો મારી નાખવાની ધમકી આપી, પ્લાસ્ટીક ના પાઇપ અને છરી વડે ફરીયાદી/ઇજા પામનાર ને શરીરે આડેધડ માર મારી તથા માથા ના ભાગે તથા પગ ના ભાગે છરી ના ઘા કરી હુમલો કરી ગંભીર ઇજા પહોચાડેલ હોય જે જોતા આ કામના અરજદાર/આરોપીને જામીન આપવા અમારો અભીપ્રાય થતો નથી.

**૩.૨** સબબ આ કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તેમજ લાગતા–વળગતા સાહેદોના નિવેદનો મેળવેલ છે તેમજ બનાવમાં ઉપયોગ કરેલ પ્લાસ્ટીક નો પાઇપ તથા છરી તથા બનાવ વખતે પહેરેલ કપડા તથા આ કામના બનાવ ના કીરીટ પેટ્રોલપંપ રેલ્વે સ્ટેશન રોડ જુનાગઢ ના સીસીટીવી કેમેરા ના કુટેજ મેળવી કબજે કરવામા આવેલ છે. આમ જોતાં અરજદાર/આરોપીના જામીન મંજુર કરવા ન્યાયના હિતમા નથી.

**3.3** આ કામે અરજદાર/આરોપીઓને જામીન ઉપર મુક્ત કરવામા આવશે તો આવા ગુન્હાઓ કરવા વાળા અન્ય આરોપીઓને ગુનો કરવાનુ પ્રોત્સાહન મળશે જેથી ગુન્હાનુ પ્રમાણ વધશે અને સામાન્ય પ્રજાને આવા ગુનેગારો હેરાન પરેસાન કરશે જેથી અરજદાર/આરોપીના જામીન મંજુર કરવા ન્યાયના હિતમા નથી.

**૩.૪** આ કામે અરજદાર/આરોપી સુલતાન કાસમભાઇ કટારીયા વિરૂધ્ધ કોલમ નં.૩૧ મા જણાવ્યા મુજબ અગાઉ ગુન્હો પણ દાખલ થયેલ હોય જેથી અરજદાર/આરોપી ગુન્હા કરવાની ટેવવાળો હોય જેથી જામીન મંજુર કરવા ન્યાયના હીતમા નથી.

**૩.૫** આ કામે અરજદાર/આરોપીઓને જામીન ઉપર મુક્ત કરવામા આવશે તો

ફરીયાદી તથા સાહેદોને લોભ લાલચ પ્રલોભન આપી ફોડી નાખશે અને શરીર સંબંધી ગુનાઓ કરી બેસશે તેવી દહેશત હોય જેથી અરજદાર/આરોપીના જામીન મંજુર કરવા ન્યાયના હિતમા નથી.

**૩.૬** આ કામના અરજદાર/આરોપીઓને જામીન મુકત કરવામાં આવશે તો સરળતાથી જામીન મળી જાય છે તેવું સમજી આરોપીઓને કોઈ કાયદોનો ડર રહેશે નહી જેથી આ કામના અરજદાર/આરોપી ના જામીન મંજુર કરવા ન્યાય ના હીત મા નથી.

**૩.૭** આ કામે ઉપરોક્ત મુદાઓને ધ્યાને લઈ અરજદાર/આરોપીઓના જામીન મંજુર નહી કરવા અમારો સ્પષ્ટ અભિપ્રાય થતો હોય જેથી અરજદાર/આરોપીની જામીન અરજી ના મંજુર કરવા વિનંતી છે.''

## (૪) અરજદાર/ આરોપીના વિધ્વાન વકીલશ્રી ની દલીલ :-

અરજદાર/આરોપીના વિધ્વાન વકીલશ્રીએ દલીલોમાં જામીન અરજીની હકીકતોને મોટા ભાગે પુનરાવર્તન કરેલ છે.

## (૫) વિધ્વાન એ.પી.પી. શ્રીની દલીલો :-

વિધ્વાન એ.પી. પી. શ્રીએ દલીલ કરેલ છે કે, હાલના અરજદારનો એકટીવ રોલ પ્રથમદર્શનીય રીતે પુરવાર થાય છે તેથી જામીન અરજી નામંજુર કરવા દલીલ કરેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ લક્ષમાં લઈ જામીન અરજી નામંજુર કરવા માટે દલીલ કરેલ છે.

## (૬) જામીન અરજી નિર્ણિત કરવાના કારણો :

**:૧:** અદાલતે કોઈપણ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે આરોપી સામેનો પ્રથમદર્શનીય કેસ, ગુનાની ગંભીરતા, આરોપી સામેના ગુના અંગે ની સજાની જોગવાઈ, આરોપીનો પૂર્વ ગુનાકિય ઈતિહાસ, આરોપી ટ્રાયલ સમયે હાજર રહેશે કે કેમ? આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજ ઉપર પડનારી અસર અને તેની સાથે સાથે આરોપીની વ્યકિતગત સ્વતંત્રતાને લક્ષમાં રાખી જામીન અરજીનો નિર્ણય કરવાનો હોય છે.

**:૨:** આ કામમાં આરોપી સામે જુનાગઢ 'બી' ડીવીઝન પો.સ્ટે. ગુના

રજી. નં.૧૧૨૦૩૦૨૪૨૬૦૦૧૯/૨૬ થી બી.એન.એસ. ની કલમ–૧૧૮(૨), ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર્ડ થયેલ છે.

**:૩:** આ આ કામમાં આરોપીઓ સામે બી.એન.એસ.ની કલમ–૧૧૮(૨), ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધાયેલ છે.

**:૪:** આ કામમાં અગાઉ હાલના આરોપીની જામીન અરજીમાં પેરા–૪, ૫, ૬ અને ૭ માં નીચે મુજબનું ઓબ્ઝર્વેશન આ અદાલતે કરેલ.

''(૪) ફરીયાદ હકીકત મુજબ આરોપી નવાજે છરી ડાબા પગના ગોઠણમાં અને માથામાં મારેલ છે તે પહેલા આરોપી નવાજે પ્લાસ્ટીકના પાઈપ વડે ભોગ બનનારને માર મારેલ છે અને વધુમાં ફરીયાદમાં જ એવી હકીકત આવે છે કે,

**''જેથી હું દોડીને દુર ભાગી ગયેલ અને ત્યાં પેટ્રોલ પંપે હવા ભરવા માટેની નોઝલ લઈને મે મારો બચાવ કરેલ તો નવાજની સાથેનો વ્યક્તિ નવાઝ પાસેથી પ્લાસ્ટિકનો પાઈપ લઈ મને મારવા લાગેલ . આ દરમિયાન નવાઝ તેમની એકટીવાની ડીકી માંથી છરી કાઢી અને આવેલ અને મને ડાબા પગમાં ગોઠણના ઉપરના ભાગે એક ઘા મારી દીધેલ''**

(૫) આમ, જે પ્લાસ્ટીકના પાઈપથી આરોપી નવાજ ભોગ બનનારને મારે છે તે પ્લાસ્ટીકના પાઈપ હાલના આરોપી લે છે અને તે પાઈપથી ભોગ બનનારને મારે છે અને તેથી નવાજ છરી લઈ આવે છે અને ભોગ બનનારને મારે છે તેથી જો આ આરોપીએ આરોપી નવાજ પાસેથી પ્લાસ્ટીકની પાઈપ લીધી ન હોત તો કદાચ નવાજને છરી મેળવવાની તક ન મળત.

(૬)વધુમાં આજ બાબત અંગે સીસીટીવી ફુટેજ મળી આવેલ છે અને તે અંગે આંક–૭ માં ત.ક.અ. એ નીચે મુજબની હકીકત જણાવેલ છે.

**'' ત્યારબાદ સદર વીડીયોમાં સમય ૦૧ મીનીટ–૪૦ સેકન્ડ ના સમયમાં પ્લાસ્ટીકના પાઈપથી નવાઝ ઉર્ફે બમ માર મારે છે જયારે હાલના અરજદાર બાદમાં સમય ૦૧ મીનીટ–૪૮ સેકન્ડ ના સમયે ચપ્પલ વડે હુમલો કરતા હોવાનું તથા સમય ૦૨ મીનીટ–૦૩ સેકન્ડ ના સમયે અરજદાર અન્ય આરોપી નવાઝ પાસેથી પાઈપ લઈ મારવા દોડતા હોય તેવું સીસીટીવી ફુટેજમાં દેખાય છે.''**

(૭) જે તબીબી સર્ટી. છે તેમાં પેરાઈટલ રીઝનમાં કલીન ઈન્સાઈઝડ વુન્ડ ૩×૧ સે.મી.નો મળી આવેલ છે તેમજ ડાબા હાથમાં ફ્રેકચરની પણ ઈજા મળી આવેલ છે અને આરોપીના અટક પંચનામામા ૧૦ ઈંચ લંબાઈની છરી જેમાં હાથા સીવાયનો ભાગ ૫ ઈંચનો

છે. આમ, આ તમામ સંજોગો જોતા અને બનાવ તા.૧૫–૧–૨૬ ના રોજનો છે તે લક્ષમાં લેતા અને જે રીતે આરોપીની સંડોવણી ઉપરના સંજોગોમાં પ્રથમ દર્શનીય રીતે છતી થાય છે તે જોતા અને તપાસ બાકી છે ત્યારે જો આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેની અસર વિપરીત રીતે સમગ્ર સમાજ ઉપર પડે તેમ છે અને સમાજ ઉપર પડનાર અસરનું પલ્લુ આરોપીની વ્યકિતગત સ્વતંત્રતા કરતા નમતુ જોવા મળે છે  તેથી આરોપીની જામીન અરજી મંજુર કરવી ન્યાયીક જણાતું ન હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.''

**:૫:** આમ, હાલના આરોપીએ પાઈપ લઈ ભોગ બનનારને મારેલ છે, ચાર્જશીટ થઈ ગયેલ છે, હવે કોઈ તપાસ બાકી નથી અને હાલના આરોપીએ ચાર્જશીટ થયા બાદ પણ છરીથી ઈજા કરી હોય તેવી કોઈ હકીકત પ્રથમ દર્શનીય રીતે રેકર્ડ ઉપર આવેલ નથી તે સંજોગોમાં બેઈલ નો જેલનો સિધ્ધાંત લક્ષમાં લેતા હાલના અરજદાર આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયીક જણાતુ હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## : : હુકમ : :

(૧) અરજદાર/આરોપી સુલતાન કાસમભાઈ કટારીયા, રહે. જુનાગઢ નાઓની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની  કલમ–૪૮૩ મુજબની જામીન અરજી આથી ''મંજુર'' કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીએ રૂા. ૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના સ્વતંત્ર સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા ટ્રાયલ અદાલત સમક્ષ રજુ કર્યેથી  જુનાગઢ જુનાગઢ  'બી' ડીવીઝન પો.સ્ટે. ગુના રજી. નં.૧૧૨૦૩૦૨૪૨૬૦૦૧૯/૨૬ થી બી.એન.એસ. ની કલમ–૧૧૮(૨), ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ ના કામે નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**:: શ ર તો ::**

**(૧)** અરજદાર/આરોપીએ ફરીયાદના સાક્ષીઓને ધાક–ધમકી, લાલચ આપવી નહીં કે ફોડવાનો દસ્તાવેજી પુરાવા સાથે ચેડા કરવાનો પ્રયત્ન કરવો–કરાવવો નહીં.

(૨) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન દરેક મુદતે કોર્ટ સમક્ષ નિયમિત હાજર રહેવુ.

(૩) અરજદાર/આરોપીએ ફોટો આઈડેન્ટીટી પ્રુફ ધરાવતા જામીન રજુ કરવા.

(૪) અરજદાર/આરોપીએ પોતાનું કાયમી તથા હાલનું રહેઠાણનું નામ–સરનામુ આઈડેન્ટી પ્રુફ સાથે રજુ કરવુ અને અત્રેની અદાલતની પુર્વ પરવાનગી વગર તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવો નહીં તેમજ પોતાનો મોબાઈલ કે ટેલીફોન નંબર ધરાવતા હોય તો તે પણ અત્રેની અદાલત સમક્ષ જાહેર કરવો.

(૫) અરજદાર/આરોપીએ પાસપોર્ટ ધરાવતા હોય તો દિન–૩ માં પાસપોર્ટ અત્રેની અદાલત સમક્ષ રજુ કરવો. જો, પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે સંબંધે સોંદનામુ કરવુ તેમજ કોર્ટની પુર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છાડવી નહીં.

(૬) અરજદાર/આરોપી/જામીનદાર જો આધાર કાર્ડ ધરાવતા હોય તો તેની નકલ રજુ કરવી અને જો તે ન હોય તો તે અંગેનું સોગંદનામુ કરવુ.

(૭) આરોપીએ જામીન ઉપર મુકત થયાથી ત્રણ મહિના સુધી ટ્રાયલ અદાલતની પુર્વ પરવાનગી સીવાય જુનાગઢ જિલ્લાની હદમાં પ્રવેશ કરવો નહીં અને ઉપરોકત સમય દરમ્યાન આરોપી કયાં રહેવાના છે તેના સરનામાની વિગત સોગંદ ઉપર ટ્રાયલ અદાલતમાં રજુ કરવાની રહેશે. હાલના અરજદાર કોઈ અદાલતી કાર્યવાહીમાં કોઈ અદાલતમાં હાજર રહેવા માટે કે હાલના કેસમાં તપાસ એજન્સી સમક્ષ હાજર રહેવા માટે અદાલતની પવાનગી વગર હાજર રહી શકશે. વધુમાં, અરજદારે કોઈ આકસ્મીક સંજોગોમાં ઉપરોકત સમયમાં જુનાગઢ જિલ્લાની હદમાં પ્રવેશ કરવાનો પ્રસંગ ઉદભવે તો આરોપી પુર્વ પરવાનગી સીવાય હાજર રહી શકશે પરંતુ, આ રીતે હાજર રહયાના ૭૨(બોતેર) કલાકમાં ટ્રાયલ અદાલત સમક્ષ તેની જાણ કરવી પડશે. વધુમાં, અરજદાર આ સમય

દરમ્યાન જે મોબાઈલ ફોન વાપરવાના હોય તે મોબાઈલ ફોનની વિગત ટ્રાયલ અદાલતને તથા તપાસ કરનાર અમલદારને પુરી પાડવી.

ત.ક.અ. એ આ અરજદાર જે મોબાઈલ નંબરની વિગત આપે તે મોબાઈલ નંબરની વિગત ઉપરથી યોગ્ય સમયે તેનું લોકેશન કયાં આવે છે તેની તપાસ કરી કયારે, કયારે ચેક કરી તેનો દર ૧૫ દિવસે રીપોર્ટ ટ્રાયલ અદાલતમાં તપાસ કરનાર અમલદારે કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો, લોકેશન જુનાગઢ જિલ્લાની રેવન્યુ હદમાં માલુમ પડે તો તેની વિગત ટ્રાયલ અદાલતમાં રજુ કરવી અને ટ્રાયલ અદાલત તે અંગે જામીન કેન્સલ સુધીનો યોગ્ય ન્યાયીક નિર્ણય લઈ શકશે.

(૮) આરોપીએ પોતે જે સ્થાવર મિલકત ધરાવતા હોય તે સ્થાવર મિલકતની વિગત પુરાવા સાથે અને સોગંદ ઉપર ટ્રાયલ અદાલતમાં રજુ કરવી.

હુકમ આજ તા.૧૨મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી, સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

તા. ૧૨–૦૩–૨૦૨૬
સ્થળ : જુનાગઢ.

**(ભુપેન્દ્રકુમાર જી.દવે)**
સેશન્સ જજ,
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ જુનાગઢ
(કોડ નં.જીજે૦૦૪૬૯)